# મોબાઇલ ચોરીના ગુનામાં લીમ્બાયત પો.સ્ટે.થી ભાગી જનાર આરોપીને પકડી પાડતી લીમ્બાયત પોલીસ

સુરત શહેરના લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં.૧૬૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, મુજબના ગુનામાં પકડાયેલ આરોપી નામે-નિકુંજ ઉર્ફે નિકુ રમેશભાઇ ખેની ઉ.વ. ૩૪ રહે.મ.નં.૧૧૨, ગણપતનગર ગલી નં-૦૨, લોકમાનભાઇ ચૌહાણના મકાનમાં પોલીસ કોલોની પાસે, ઉધના, સુરત શહેરનાને ગઇ કાલ તા.૦૫/૦૬/૨૦૧૯ ના રોજ સવા નવેક વાગે પૂછપરછ કરવા સારૂ પો.સ્ટે. અમલદારને જાણ કરી પોલીસ સ્ટેશનના બીજા માળે ઇન્વે. રૂમમાં લઇ ગયેલ હતા. ત્યારબાદ તેની પૂછપરછ કરી આરોપીને લોકપમાં મૂકવા લઇ આવેલ તે દરમ્યાન પો.સ્ટે. અમલદાર પાસે માણસોની ભીડ ખુબ જ હતી અને તે તકનો લાભ લઇ અને પો.સ્ટે. અમલદાર તેમજ બીજા પોલીસ માણસોની નજર ચૂક કરી ભાગી ગયેલ હતો. જેની તપાસમાં પો.સ.ઇ. એમ.પી.સોલંકી નાઓ તથા પોલીસ માણસો સાથે સુરત શહેરમાં અલગ અલગ ટીમો બનાવી ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે સદર આરોપી પટેલનગર વરાછા ખાતે એક જગ્યાએ ઉભો છે. જેથી તરત જ સદર જગ્યાએ પહોંચી તપાસ કરતા ઉપરોક્ત જગ્યાએ આરોપી ઉભેલો જણાયેલ જેને ચારેય બાજુથી કોર્ડન કરી પકડી પાડવામાં આવેલ છે.